**આંક :–**

દાખલ તારીખ :– ૩૦/૦૯/૨૦૧૪

રજિસ્ટર તારીખ :– ૩૦/૦૯/૨૦૧૪

નિકાલ તારીખ :– ૦૬/૦૬/૨૦૨૬

સમયગાળો **<u>વર્ષ માસ દિવસ</u>**

**૧૧ ૦૮ ૦૭**

**ગાંધીધામના મહે. અધિક જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ ફ.ક. સાહેબની કોર્ટમાં,**

**મુ. તા. ગાંધીધામ–કચ્છ.**

**ફોજદારી કેસ નંબર : ૫૮૧૨/૨૦૧૪**

(ગાંધીધામ બી ડીવીઝન પોલીસ સ્ટેશનના ગુના રજિ.નં. ૩૩૧૮/૨૦૧૪)

**શ્રી સરકાર. .....ફરીયાદી.**

**વિરુદ્ધ**

**(૧) જયશ્રીબેન ઉર્ફે જાગૃતિબેન રમેશભાઈ ચૌહાણ**

ઉ.વ. : ૫૧, ધંધો : નોકરી,

રહે. :નાકોડા રેસીડન્સી, વોર્ડ ૬–બી, મ.નં.૨૫૨,

આદિપુર– કચ્છ.

**(૨) અલ્લુ હાસીમ સાયચા**

ઉ.વ. : ૫૬, ધંધો : નોકરી,

રહે. : સપનાનગર, ઈ–૧૦૨,

ગાંધીધામ–કચ્છ.

**(૩) હસમુખભાઈ નાગજીભાઈ સંકલપુરા (મિસ્ત્રી)**

ઉ.વ. : ૪૯, ધંધો : નોકરી,

રહે. : ટી.સી.એક્ષ.એન–૪,

ગાંધીધામ–કચ્છ.

**(૪) જયસીરકૌર હરમોહીંદરસીંગ સાની**

ઉ.વ. : ૫૫, ધંધો : નોકરી,

રહે. : એન.યુ.–ફોર, ભટનગર, મ.નં.૨૮૯,

ગાંધીધામ–કચ્છ. **.....આરોપીઓ.**

------------------------------------

ફરિયાદપક્ષ તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી બી.એચ.પટેલ

આરોપીઓપક્ષ તરફે વિધ્વાન વકીલ શ્રી ઝેડ.બી.મહેશ્વરી

------------------------------------

**ગુનો :– જુગાર ધારાની કલમ : ૪, ૫ મુજબનો...**

------------------------------------

**– : : ચુ કા દો : : –**

(૧) આ કામના ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના આરોપીઓ પૈકી આરોપી નં.૪ વાળાએ પોતાના રહેણાંક મકાનમાં અન્ય આરોપીઓને બોલાવી ગંજીપાના વડે તીન પત્તીનો રૂપિયાની હારજીતનો જુગાર રમાડી નાલ ઉઘરાવી રેઈડ દરમિયાન રોકડા રૂા.૨૧,૧૦૦/– તથા ગંજીપાના નંગ–૫૨ કિ.રૂા.૦૦/– એમ તથા મોબાઈલ નંગ–૩ કિં.રૂ.૨,૦૦૦/– કુલ્લે મળી કિ.રૂા.૨૩,૧૦૦/– ના મુદામાલ સાથે રેડ દરમ્યાન આરોપીઓ પકડાઈ જઈ **જુગાર ધારા કલમ : ૪, ૫** મુજબનો ગુનો

ગાંધીધામ પો.સ્ટે.ના ગુના રજી. નં. ૩૩૧૮/૨૦૧૪ નો નોંધાયેલો. જે કામે તપાસ કરનાર અમલદારે ગુન્હાની તપાસ કરી આરોપીઓ વિરુધ્ધ હાલનું આ ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજૂ કરેલું છે.

(૨) આ કામે આરોપીઓને સમન્સની બજવણી થયેથી આરોપીઓ હાજર થતાં તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ આરોપીઓની આંક–૦૪ થી આંક–૦૭ થી પ્લી રેકર્ડ કરતા આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતાં આરોપીઓ વિરુધ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ટ્રાયલ દરમ્યાન ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબના મૌખીક અને દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

**મૌખિક પુરાવો :–**

| ક્રમ | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧. | પંચ સાહેદ અનીલકુમમાર અમૃતલાલ ઠકકરની જુબાની | ૪૯ |
| ૨. | ફરીયાદી જયવંતસિંહ ચંદ્રસિંહ જાદવની જુબાની | ૫૬ |
| ૩. | સાહેદ રામદેવસિંહ હેમંતસિંહ ઝાલાની જુબાની | ૬૩ |
| ૪. | સાહેદ સુનયનાબેન બલીરામ ગુરવની જુબાની | ૯૧ |
| ૫. | ત.ક.અ. ભુરાભાઈ જીવણભાઈ જાદવની જુબાની | ૯૫ |

**દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | પંચનામું | ૫૦ |
| ૨. | એફ.આઈ.આર. | ૫૭ |
| ૩. | જુગાર પ્રતિબંધ ધારા ૧૮૮૭ કલમ–૬ મુજબનુ વોરંટ | ૯૬ |

(૪) ફરીયાદપક્ષે પુરાવો પુરો થયા બાદ આ કામના આરોપીઓનું ક્રિ.પ્રો. કોડની કલમ : ૩૧૩ મુજબ વધારાનું નિવેદન લેવામાં આવેલ. જેમાં આરોપીઓએ જણાવેલ છે કે, તેઓએ કહેવાતો કોઈ ગુનો કરેલ નથી અને તેઓ નિર્દોષ હોઈ તેઓને છોડી મુકવા અરજ કરેલ છે.

(૫) ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીપક્ષ તરફે વિ.વ.શ્રી ની દલીલો સાભંળી.

(૬) ફરીયાદપક્ષના કેસની હકીકત તથા રેકર્ડ ઉપરના પુરાવાને ધ્યાનમાં લેતાં આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદદાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દા નં.(૧)** શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓ પૈકી આરોપી નં.૪ વાળાએ પોતાના રહેણાંક મકાનમાં અન્ય આરોપીઓને બોલાવી ગંજીપાના વડે તીન પત્તીનો રૂપિયાની હારજીતનો જુગાર રમાડી નાલ ઉઘરાવી રેઈડ દરમિયાન રોકડા રૂા.૨૧,૧૦૦/– તથા ગંજીપાના નંગ–૫૨ કિ.રૂા.૦૦/– એમ તથા મોબાઈલ નંગ–૩ કિં.રૂ.૨,૦૦૦/– કુલ્લે મળી કિ.રૂા.૨૩,૧૦૦/– ના મુદામાલ સાથે રેડ દરમ્યાન આરોપીઓ પકડાઈ જઈ **જુગાર ધારાની કલમ :૪, ૫** મુજબનો શીક્ષાપાત્ર ગુન્હો આ અદાલતની હકુમતમાં કરેલ છે ?

**મુદ્દા નં.(૨)** શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે દર્શાવેલા કારણોસર નીચે મુજબ છે.

**મુદ્દા નં. (૧). નકારમાં.**

**મુદ્દા નં. (૨). આખરી હુકમ મુજબ.**

**–:: નિર્ણયના કારણો ::–**

(૮) **મુદ્દા નં.૧ : –**

આરોપીઓ સામે હાલનો કેસ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિઘ્ધાંત મુજબ ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને જયાં સુધી આરોપીઓ સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવું જોઈએ. વધુમાં ફરિયાદપક્ષ આરોપીઓ સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરિયાદપક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવું જોઈએ.

(૯) સદર કામે ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ **પંચ સાહેદ અનીલકુમાર અમૃતલાલ ઠકકર** નાઓએ તેમની **આંક–૪૯** વાળી જુબાનીમાં મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે, ''હું રેડીમેઈડ કપડાનો વેપાર કરું છું અને ગાંધીધામ બી ડીવીઝન પોલીસે મને એક તૈયાર લખાણ પર સહી કરવાનું કહેતા મે બે સહી કરેલી. તે લખાણ શું લખેલ હતું તે મે વાંચેલ નહી કે પોલીસે મને વાંચી સંભળાવેલ નહી. તે સીવાય હું કાઈ જાણતો નથી. મને પંચનામાની અસલ પરથી ખરીનકલ બતાવવામાં આવે છે. જેમાં પંચ નંબર – ૧ તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવું છું. જે પંચનામાને રજુ દાખલ આંક ૫૦.

આપવામાં આવે છે. હું કોઈ જગ્યાએ જુગાર રમાતે હોઈ તે જગ્યાએ પોલીસ સાથે ગયેલ નથી કે મારી હાજરીમાં કોઈ આરોપીઓ જુગાર રમતા હોઈ તે મે જોયેલ નથી.''

ત્યારબાદ સદર પંચસાહેદને વિ.એ.પી.પી.શ્રી ઘ્વારા ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ અને ત્યારબાદ તેઓ વધુમાં જણાવે છે કે, ''એ વાત ખરી નથી કે, તા. ૨૫ / ૭ / ૨૦૧૪ ના રોજ મને ગાંધીધામ બી ડીવીઝન પો. સ્ટે. ના પોલીસ ઈન્સપેકટરના બોલાવવાથી એન . યુ. ૪ , ભટનગર – મકાન નં. ૨૮૯ આગળ આવી હાજર થયેલ અમો પંચોને પોલીસે સમજ કરી કે તમોને બાતમીરાહે હકીકત મળેલા કે એન . યુ. ૪ , ભટનગર મકાન નં. ૨૮૯ જે મકાન માલીક જયચીર કૌર વાળઓ હરગોવનસિંહ નાઓની તીનપતીના પૈસાની હારજીતનો જુગાર રમી રમાડી નાણા ઉઘરાવે છે જે હકીકત આધારે રેડ કરી પંચનામું કરવાનું હોઈ સમજ કરતા અમો પંચોએ પંચમાં સ્વખુશી બતાવી જોઈ તપાસી લખાવીએ છીએ કે, સદર મકાનમાં જુગારની રેઈડ કરવા માટે અમો પચોને શ્રી નાયબ પો. અધિક્ષક – અંજારના સહી સીકકાવાળું જુગારધારા કલમ – ૬ મુજબનું વોરંટ બતાવેલ જે નબર ૫ / ૨૦૧૪ વાળું વોરંટ વાંચી સંભળાવી તે વોરંટમાં અમો પંચોની સહીઓ કરી અને અમો પંચો તથા તમો પોલીસની અરસપરસ જડતીતપાસ કરતા જુગારની કોઈ વસ્તુઓ મળી આવેલ નથી. સદર મકાને પ્રથમ લોખંડનો દરવાજો છે જે ખુલો હોઈ જે દરવાજાથી અંદર પ્રવેશ કરી ઘરનો મેઈન દરવાજો પણ અટકાવેલ હોઈ જેથી તે વખતે જયચીર કૌર નામની બુમ પાડતા એક બાઈ માણસ બહાર આવેલ અને તેઓનું નામ ઠામ પુછતા તેઓનું નામ જયચીર કૌર હોવાનું જણાવેલ . અને તેઓના હાથમાં ગંજીપાનાના ત્રણ પાના છેઈ તેમજ બીજા ઈસમો ગોળ કુંડાળુ વાળી

બેઠેલ છે. જેઓને જેમના તેમ બેસાડી દીધેલ અને જયચીર કોર સાહનીને શ્રી નાયબ પોઈઅધિક્ષક – અંજારનાઓએ સહી સીકકાવાળું વોરંટ બતાવી તેઓની સહી લીધેલ અને પ્રથમ રૂમમાં જે ત્રણ ઈસમો બેઠેલ હતા તે જગ્યાએ જયચીર કોર સાહનીને બેસી જવાનું જણાવતા તેઓ પણ ત્યા બેસી ગયેલાઈ જેમાં પ્રથમ બેઠેલ નું નામ પુછતા તેણે પોતાનું નામ જયશ્રીબેન ઉર્ફે જાગૃતીબેન વાળઓ રમેશભાઈ ચૌહાણ , રહે– આદીપુર વાળા હોવાનું તેઓની અંગજડતી કરતા રોકડા રૂા ૫૫૦૦ /– તથા સીલ્વર કલરનો નોકીયા કંપનીનો મોબાઈલ , બીજો મોબાઈલ નોકીયા કંપનીનો કાળા કલરનો જેની કી.રૂા.૫૦૦/- તથા ગંજીપાના નંગ-૩ મુદામાલ તપાસ અર્થે કબ્જે કરેલ. બીજા ઈસમનું નામઠામ પુછતા પોતાનું નામ અભુ હાસીમ સાયચા, રહે:- સપનાનગર, ગાંધીધામ હોવાનું જણાવેલ તેની અંગજડતી કરતા તેના ખીસ્સમાંથી રૂા. ૧૦,૪૦૦/- રોકડા મળી આવેલ તેમજ સેમસંગ કંપનીનો મળી આવેલ જેની કી.રૂા.૭૦૦/- તથા ગંજીપાના નંગ-૩ મુદામાલ તપાસ અર્થે કબ્જે કરેલ. બાદ ત્રીજા ઈસમનું નામઠામ પુછતા પોતાનું નામ હસમુખભાઈ નાગજીભાલ મીસ્ત્રી, રહે:-ડીસી-એન.૪, ગાંધીધામ હોવાનું જણાવેલ તેની અંગજડતી કરતા તેના શર્ટના ખીસ્સમાંથી રૂા.૨૦,૦૦૦/- રોકડા મળી આવેલ તથા ગંજીપાના નંગ-૩ મુદામાલ મળી આવેલ જે તપાસ અર્થે કબ્જે કરેલ. તેમજ જે જગ્યાએ બાઈ તથા ભાઈ માણસો જુગાર રમતા હતા તે જગ્યાએ પટમાંથી રૂા ૧,૦૦૦/- રોકડા મળી આવેલ તેમજ ગંજીપાના નંગ-૪૦ મુદામાલ મળી આવેલ જે તપાસ અર્થે કબ્જે કરેલ. જે જગ્યાએ બાજુમાં એક પ્લાસ્ટીકનો ડબો પડેલ હોઈ જેમાં પૈસા હોઈ પૈસા બાબતે પુછતા નાલના ઉઘરાવેલા જે નાલ જયચીર કૌર વા/ઓ હરગોવનસિંહ નાઓએ ઉઘરાવેલ હોવાનું જણાવેલ. જે ડબામાં રૂા. ૧૨૦૦/- મળી આવેલ જે તપાસ અર્થે કબ્જે કરેલ. સદર મકાનના આધારપુરાવા

માંગતા જયચીર કૌર વા/ઓ હરગોવનસિંહ નાઓએ સદર મકાનના રાશનકાર્ડ નંબર ૦૧/૦૧૦/૦૦૯૦૭/૦૨૦૦/૨૦૦૨૦ વાળું રજુ કરતા જેમાં અમો પંચોની સહીઓ કરાવી તપાસ અર્થે કબ્જે કરેલ અને ઉપરોકત નામવાળા ઈસમોની અટક કરેલ. હું આરોપીઓને ઓળખતો નથી. એ વાત ખરી નથી કે મે અમો પંચોની હાજરીમાં બાતમીવાળી જગ્યાએ જઈ અમો પંચોએ લખાવ્યા મુજબનું પંચનામું પોલીસે લખી લીધેલ અને અમારી અમારી હાજરીમાં આરોપીઓની અટક કરેલ હોવા છતા આરોપીઓને બચાવવા માટે હું સોગંદ પર ખોટો પુરાવો આપું છું.''

(૯.૧) ત્યારબાદ **આંક–૫૬** થી **ફરીયાદી જયવંતસિંહ ચંદ્રસિંહ જાદવ** પોતાની જુબાનીમાં જણાવે છે કે, '' તા. ૨૫ / ૦૭ / ૨૦૧૪ ના રોજ અમો બી ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે પી. એસ . આઈ તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન સાંજના સમયે પેટ્રોલીંગમાં હતા તે સમયે પોલીસ ઈન્સપેકટર શ્રી બી ડીવીઝન – ગાંધીધામ શ્રી એસ . એમ . વારોતરીયા સાહેબે અમારા પર ફોન આવેલ કે ભટ નગર ખાતે આવી જાઓ જુગાર ની રેડ કરવા માટે જવાનું છે. જેથી અમે ભટ નગર ખાતે પહોંચેલ જયા અગાઉથી પી. આઈ. વારોતરીયા સાહેબ તથા ડી સ્ટાફના હે કોન્સ ભુરાભાઈ જાદવ , પ્રદિપસિંહ , રામદેવસિંહ તથા નરસિંહભાઈ અગાઉથી હાજર હોય અને પી. આઈ. વરોતરીયા સાહેબએ જણાવેલ કે એન . યુ. ૪ મકાન નં. ૨૮૯ , ભટનગરમાં મકાન માલીક જયશીર કૌર વા/ ઓફ હરમોહીન્દર સિંગ સાની પોતાના મકાનમા નાલ ઉઘરાવી બહારથી માણસો બોલાવી હારજીતનો પાનાપતીનો જુગાર રમાડે છેઈ જે અન્વયે પી. આઈ. શ્રી વરોતરીયા સાહેબે જુગારની રેડ કરવા માટે જુગાર ધારા કલમ ૬ મુજબની વોરંટ અગાઉથી મેળવેલ હોય બે પંચો બોલાવી રેડ અંગે

સમજ કરી વોરંટ પર તેઓની સહી મેળવેલ બાદ અરસપરસ જડતી કરી ઉપર જણાવેલ મકાનમાં પ્રવેશી જયશીર કૌરના નામની બુમ પાડતા અંદરથી એક બહેન હાથમાં પતા લઈને બહાર આવેલ જેઓને પચો રૂબરૂ નામ પૂછતા તેઓએ પોતાનું નામ જયશીર કૌર હરમોહિન્દર સિંગ સાની હોવાનું જણાવેલ અને મકાન ની અંદર જોતા અન્ય એક સ્ત્રી તથા બે પુરુષ હાથમાં પતા લઈ બેઠેલ હોવાનું દેખાતા તેઓને તેઓના સ્થાન પર બેસીી રહેવાનું જણાવેલ અને જયશીર કૌરનાઓને પણ તેઓના સ્થાન પર બેસી રહેવા જણાવતા તેઓ બેસી ગયેલ બાદ પંચો રૂબરૂ અન્ય ઈસમોના નામ પૂછતા જયશ્રીબેન ઉર્ફે જગૃતિબેન રમેશભાઈ ચૌહાણ તથા અભુ હાસમ સાચેચા તથા હસમુખભાઈ નાગજીભાઈ મિસ્ત્રી હોવાનું જણાવેલ અને તમામ ઈસમોનું પંચો રૂબરૂ જડતી કરતા તથા પટમાં પડેલ રૂપિયા તથા નાલના ઉઘરાવેલ રૂપિયા ગણી કુલ કિંમત રૂપિયા ૨૧,૧૦૦/- રોકડા પાના નંગ પર તથા ત્રણ મોબાઈલ જેની કિંમત રૂપિયા ૨૦૦૦/- એમ કુલ મળી રૂ.૨૩,૧૦૦/- નો મુદામાલ પંચો રૂબરૂ કબ્જે કરી પંચનામાની વિગતે પી.આઈ.શ્રી એસ.એમ. વ।રોતરીયા સાહેબ રૂબરૂ પંચનામું કરવામાં આવેલ અને અમોને ફરીયાદ આપવા જણાવતા અમોએ તેઓના રૂબરૂ ફરીયાદ આપેલઈજે ફરીયાદ આધારે પીઈએસઈઓશ્રીએ ગૂન્હો દાખલ કરેલ જે સેકન્ડ ગુન્હા રજીઈનંબર ૩૩૧૮/૨૦૧૪ એફ. આઈ. આર. નોંધેલી. જે એફ.આઈ.આરની ખરી નકલ મને બતાવવામાં આવે છે જેમાં પોલીસ સ્ટેશનનો ગોળ સીકકો છે. જે હં ઓળખી બતાવુ છું. જે કામમાં રજુ દાખલ આંક-૫૭. આરોપીઓ કોર્ટમાં હાજર હોય તો ઓળખી શકું.''

તેઓ વધુમાં આરોપીના વિ.વ.શ્રી દ્વારા લેવામાં આવેલ

પોતાની ઉલટતપાસમાં જણાવે છે કે, ''એ વાત ખરી છે કે અમોએ અમારી ફરીયાદ તેમજ સરતપાસ કયા વાહન માં પેટ્રોલીંગ માં ગયેલા હતા તેના રજીસ્ટ્રેશન નંબર જણાવેલ નથી. એ વાત ખરી છે કે કેટલા વાગ્યે પોલીસ સ્ટેશનેએ થી પેટ્રોલીંગમા નીકળેલા ચોકકસ સમય જણાવેલ નથી. એ વાત ખરી છે કે પંચોના નામ સર તપાસ તથા ફરીયાદ મા જણાવેલ નથી. એ વાત ખરી છે કે ગંજીપાના સરળતાથી બજારમાં મળી શકે છે. એ વાત ખરી છે કે આ કહેવાતી રેડ વાળી જગ્યા પર ઘણા બધા રહેણાક વાળા મકાન આવેલા છે. એ વાત ખરી છે કે અમોએ અમારી ફરીયાદમા કબ્જે કરવામાં આવેલ ચલણી નોટોના નંબર જણાવેલ નથી એ વાત ખરી નથી કે અમોએ ચલણી નોટોના નંબર જણાવેલ નથી કારણ કે આવી કોઈ ચલણી નોટો કબ્જે કરેલ નથી. એ વાત ખરી છે કે કહેવાતી રેડ વાળી જગ્યા ની માલીકી અંગેના દસ્તાવેજો અમોએ કબ્જે કરેલ નથી. એ વાત ખરી છે કે જુગારધારા ની કલમ – ૬ અંગેનુ વોરંટ અમોએ મેળવેલ નથી. એ વાત ખરી નથી કે અમો અમારી કામગીરી બતાવવા હાલની ખોટી ફરીયાદ કરેલ છે એ વાત ખરી નથી કે સોગંધ ઉપર ખોટી જુબાની આપુ છુ''

(૯.૨) ત્યારબાદ **આંક–૬૩** થી **સાહેદ રામદેવસિંહ હેમંતસિંહ ઝાલા** નાઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, ''૨૫/૭/૧૪ ના રોજ ગાંધીધામ બી ડીવી પો. સ્ટે માં પોલીસ કોનસ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. પોલીસ ઈન્સપેકટર સાહેબ એસ. એમ. વારોતરીયા સાહેબ તથા અન્ય પોલીસ સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વીસ્તારમાં પેટ્રોલીંગ માં હતા દરમ્યાન ભટટ નગર વીસ્તારમાં આવતા પો.ઈ. વારોતરીયા સાહેબને જુગાર અંગેની બાતમી મળતા તેઓ શ્રી એ પો.સ.ઈ જે.સી જાદવ સાહેબ ને ટેલીફોનથી સમજ કરી કે તમો મહીલા

પોલીસને લઇ ભટટ નગરમાં આવો જેથી પો.સ.ઈ તથા મહીલા પોલીસ આવી જતા પી.આઈ સાહેબે અમો પોલીસને જુગાર અગેની બાતમીની સમજ કરી સાહેબએ બે પંચોને બોલાવી પંચોને બાતમી અંગે સમજ કરી પંચોની હાજરીમાં સ્ટાફની હાજરીમાં અરસપરસ જડતી કરી ભટટ નગર એન યુ જ મકાન નં.૨૮૯ ત્યા રહેતા જશમીત કૌર સાહની ના રહેણાંક મકાન પાસે આવી પ્રથમ મકનનો દરવાજો ખુલ્લો હોય અંદરનો મેઇન દરવાજો બંધ હોય જયા આવી જશમીત કૌર નામની બુમ પાડતા દરવાજો ખોલેલ, જે બહેનને પંચો રૂબરૂ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ જયશીર કોર હરમહીતસીહ હોવાનુ જણાવેલ જેઓને જુગાર અંગેનો વોરંટ બતાવી પંચોની હાજરીમાં સમજ કરી અંદર જતા બીજા ત્રણ મહીલા તથા પુરુષ જુગાર રમતા જોવામાં આવેલ જેથી પચોની રૂબરૂમાં ચારેય ઇસમોની ઝડતી કરતા રોકડા રૂા ૨૧૧૦૦ તથા મોબાઇલ નંગ-૩ કીમત રૂા.૨૦૦૦ મળી આવતા પો.ઈ.સાહેબે કલાક ૧૮:૧૫ થી ૧૯:૧૫ સુધીનુ પંચનામુ કરી પોલીસ સ્ટેશને આવી તેઓ ચારેય વીરુધ્ધ જુગાર ધારા ૪,૫ મુજબ પો.સ.ઈ જે.સી.જાદવ સાહેબે ધોરણસર કરવા ફરીયાદ આપેલ જેમાં અમો સાથે રહેલ હતા.તપાસ કરનાર અમલદારે મારી પુછપરછ કરી મારુ નીવેદન લીધેલુ. આરોપીઓને જોયેથી ઓળખુ છુ આજરોજ કોર્ટમાં હાજર નથી."

વધુમાં આરોપીના વકીલશ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં જણાવે છે કે, '' એ વાત ખરી છે કે અમો પેટ્રોલીંગમાં કેટલા વાગે નીકળેલા નીવેદન કે સરતપાસમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે પેટ્રોલીંગમાં કયા વાહનમાં નીકળેલા તેના રજી.નં. નીવેદન કે સરતપાસમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે આ કહેવાતી રેડ વાળી જગ્યાએ ઘણી બધી સોસાયટી આવેલી છે. એ વાત ખરી છે કે જુગાર ધારા ની કલમ –૬ નુ વોરંટ અમોએ મેળવેલ

નથી. એ વાત ખરી છે કે અમોએ કહેવાથી રેડ વાળી જગ્યાની માલીકી અંગેના દસ્તાવેજો કબ્જે કરેલ નથી. એ વાત ખરી છે કે મારી સરતપાસ કે નીવેદન માં નોટોના નંબર જણાવેલ નથી. એ વાત ખરી નથી કે ચલણી નોટોના નંબર એટલા માટે જણાવેલ નથી કે આવી કોઈ ચલણી નોટો કબ્જે કરવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે ફરીયાદી મારા ઉપરા અધીકારી હોય તેની ફરીયાદને સમર્થન આપવા ખોટી જુબાની આપુ છુ.''

(૯.૩) ત્યારબાદ **આંક–૯૧** થી **સાહેદ સુનયનાબેન બલીરામ ગુરવ** પોતાની જુબાનીમાં જણાવે છે કે, '' ગઈ તા ૨૫/૭/૨૦૧૪ ના અમો હેડકવાટર ગાંધીધામ મુકામે ફરજ બજાવતા હતા. તે દરમ્યાન હાજરી માસ્ટરે જણાવેલ કે બી ડિવિ પોસ્ટે મા બોલાવેલ છે જેથી અમો ત્યાં ગયા ત્યારબાદ પીએસઆઈ જે સી જાદવ હાજર હોય તેઓએ જણાવેલ કે ભટનગર જુગારની રેડમા જવાનુ છે તેથી અમો અને બી ડિવિ ના સ્ટાફના માણસો જેમા પીઆઈ વારોતરીયા સાહેબ, ડી સ્ટાફના પોકોન્સ રામદેવસિંહ ઝાલા, પ્રદિપસિંહ વાઘેલા, નરસિંહભાઈ પઢિયાર નાઓ હાજર હોય તેમની હાજરીમા પોઈન્સ સા.નાઓએ જાણ કરેલ એનયુ–૪, મકાન નં.૨૮૯,ભટનગર મકાનમા મકાન માલિક જયસીર કૌર વા/ઓ. હરમોહિન્દરસિંગ સાની તીનપત્તિના પૈસાની હારજીતનો જુગાર રમી રમાડી નાલ ઉઘરાવે છે જે બાબતે જુગાર ધાર કલમ–૬ મુજબનુ વોરંટ મેળવેલ જે વોરંટ ન ૫/૧૪ વાળુ ના પો.અધિ અંજાર નાઓએ આપેલ જે લઈ જયસીર કૌર વા/ઓ હરમોહિન્દરસિંગ સાની ના ઘરે રેડ કરવાની હોય બે પચો બોલાવી સમજ કરી એકબીજાની અંગઝડતી કરી પંચનામુ કરી બાતમી હકીકત વાળી જગ્યાએ જતા તેને વોર ટની સમજ આપી પ્રથમ લોખંડનો દરવાજો ખુલ્લો હોય અંદર પ્રવેશ કરી ઘરનો મેઈન દરવાજો અટકાવેલ હોય જેને સાહેબ ટકોર કરતા જયસીર કૌર કોણ છે તેવુ કહેતા એક વ્યકિત બહાર આવેલ જેના ગંજીપાનાના ત્રણ પત્તા

હતા અને સાથે બીજા ત્રણ ઈસમો ગોળકુંડાળુ વાળી બેઠેલા હતા જે પચો રૂબરૂ તેમજ બેસી રહેવાનુ કહેતા તેઓ ત્યા બેસી રહેલા તે પૈકી ૧ જયશ્રીબેન જે ની પાસે રૂપિયા રોકડા ૫૫૦૦/– તેમજ મોબાઈલ ફોન નંગ–2 અને ગંજીપાના નંગ–૩ કબજે કરેલ,૨. અભુ હાસિમ સાયચા તેની અગઝડતી કરતા રોકડા રૂા. ૧૦,૪૦૦/– તથા મોબાઈલ ફોન કબજે કરેલ, ૩ હસમુખ નાગજી જેની અંગઝડતી માથી રોકડા રૂા.૨૦૦૦/– તેમજ પટમાંથી રૂપિયા ૧૦૦૦/– રોકડા તેમજ ગજીપાના-૪૦ તેમજ બાજુમા પડેલ પ્લાસ્ટીકનો ડબ્બો જેમા નાલના રૂા. ૧૨૦૦/- મળી આવેલ. સદર મકાન અંગે આધાર પુરાવા માંગતા રેશન કાર્ડ રજુ કરેલ જે પચો રૂબરૂ કબજે કરેલ આમ તમામ મુદદમાલ તથા આરોપીઓ નુ પચનાનુ પુરુ થયે અટક કરેલા આ ગુના ની ફરીયાદ પોસઈ નાઓએ આપલી તકઅ એ અમારુ નિવેદન લીધેલુ આરોપીઓ કોર્ટમાં હાજર હોય તો ઓળખી શકુ. આજરોજ કોર્ટમા હાજર નથી."

વધુમાં સદર સાહેદ આરોપીના વિ.વ.શ્રી ધ્વારા લેવામાં આવેલ પોતાની ઉલટતપાસમાં જણાવે છે કે, '' એ વાત ખરી છે કે મે જાતે મકાનની માલિકી અંગે કોઈ આધારા પુરાવાની ખરાઈ કરેલ નથી. એ વાત ખરી છે કે રાશનકાર્ડ મકાનની માલિકી અંગેનો આધાર નથી એ વાત ખરી છે કે મે મારા નિવેદનમા પંચોના નામ સરનામા જણાવેલ નથી એ વાત ખરી નથી કે આ કામે ફરીયાદી અમારા ઉપરી અધિકારી હોઈ તેઓની ખોટી ફરીયાદને સમર્થન આપવા આજરોજ સોગદ ઉપર ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી છે કે ગંજીપાના સરળતાથી બજારમા મળી શકે છે એ વાત ખરી નથી કે આવી કોઈ રેડમાં ગયેલ ન હોવા છતા અમારી કામગીરી બતાવવા ખોટી જુબાની આપુ છુ''

(૯.૪) ત્યારબાદ **તપાસ કરનાર અમલદાર ભુરાભાઈ જીવણભાઈ જાદવ** પોતાની જુબાનીમાં **આંક–૯૫** થી જણાવે છે કે, '' તા.૨૫/૭/૨૦૧૪ ના ગાંધીધામ બી ડીવી પોસ્ટે મા પોહેકો તરીકે

ફરજમા હતો તે દરમ્યાન બી ડિવિ પોસ્ટે સેકન્ડ ગુ ર નં.૩૩૧૮/૧૪ ની નોધાયેલ ફરીયાદ અંગેની તપાસ પીએસઓ હરેશભાઈ ભટટ નાઓએ અમો તરફ ડેપ્યુટ કરતા તપાસ અમોએ સં ભાળેલ આંક–૫૭ વાળો સીઆરપીસી–૧૫૪ નો ઉતારો જોઈ કહુ છુ કે તેમા મારા નામનો ઉલ્લેખ છે તપાસના કામે અમોએ સાહેદોના નિવદેનો લીધેલા. આ કામે મુદામાલ કબજે કરેલ જેને પાવતી નં.૨૫૮/૧૪ તા.૨૫/૭/૧૪ ની અસલ પહોચમા મારી સહી છે જે તપાસના કામે સામેલ રાખેલ. આ કામે નાપોઅધિ શ્રી અંજાર વિભાગ જા.નં.૧૮૦/૧૪ થી વોરંટ ૫/૧૪ વાળો કે જે તા.૨૩/૭/૧૪ વાળો છે જેમાં નાપોઅધિ. શ્રી આરજેબારોટ સાહેબની સહી છે અને તે ગાંધીધામ બી ડિવિ પો.ઈન્સ તરફ મોકલેલ જે વોરંટ કામમા સામેલ રાખેલ જેને રજુ દા.આંક –૯૬ આપવામાં આવેલ છે. આરોપીઓ કોર્ટમા હાજર હોય તો જોયેથી ઓળખી શકુ. અમારી બદલી થતા આગળની તપાસ પોહેકો પ્રદિપસિંહ તરફ સોંપી આપેલ.''

ત્યારબાદ આરોપીઓના વિ વકીલશ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે, '' એ વાત ખરી છે કે મે જાતે મકાનની માલિકી અંગે કોઈ આધારા પુરાવાની ખરાઈ કરેલ નથી. એ વાત ખરી છે કે રાશનકાર્ડ મકાનની માલિકી અંગેનો આધાર નથી. એ વાત ખરી છે કે ફરીયાદમા પંચોના નામ સરનામા જણાવેલ નથી. એ વાત ખરી નથી કે ખોટી કામગીરી બતાવવા ખોટી ફરીયાદ કરેલ છે અને ખોટી ફરીયાદને સમર્થન આપવા આજરોજ સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી નથી કે કલમ–૬ નો વોરંટ પાછળથી મેળવી રજુ કરેલ છે. એ વાત ખરી છે કે પોલીસ સાહેદ સિવાય અન્ય કોઈ સાહેદોના નિવેદનો લીધેલા નથી. એ વાત ખરી છે કે ગંજીપાના સરળતાથી બજારમા મળી શકે છે. એ વાત ખરી નથી કે આવી કોઈ રેડમા ગયેલ ન હોવા છતા અમારી કામગીરી બતાવવા ખોટી જુબાની આપુ છુ.''

**(૧૦)** ઉપરોકત પેરા નં. ૩ માં જણાવેલ તમામ સાહેદોની સરતપાસ અને ઉલટતપાસને એકસુત્રતાથી ઘ્યાને લેતા પંચ સાહેદો કે જેઓ આક્ષેપિત રીતે રેડ દરમ્યાન સાથે હતા તે પંચસાહેદો ફરી ગયેલા જાહેર થયેલા છે અને પોતે રેડમાં સાથે હતા તેવી હકીકતને કોઈપણ રીતે સમર્થન કરેલ નથી અને ઉપરાંતમાં જણાવે છે કે માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલી .

(૧૦.૧) જયારે તે સિવાયના સાહેદો કે જેઓ પોલીસ સાહેદ છે અને રેડ દરમ્યાન હાજર હતા તે તમામ સાહેદો ફરીયાદ હકીકતને સમર્થનકારક હકીકતો જણાવે છે અને આ તમામ સાહેદોએ ઉલટતપાસ દરમ્યાન સ્વીકાર કરેલ છે કે પેટ્રોલીંગમાં જે વાહનમાં હતા તેના નંબર કે વર્ણન તેમના નિવેદનમાં જણાવેલા નથી. મકાન કોની માલીકીનું હતું તે અંગે કોઈ માલીકીનો આધાર પુરાવો મેળવેલ નથી.

(૧૦.૨) ત્યારબાદ તપાસ કરનાર અમલદારોની જુબાનીનો અભ્યાસ કરવામાં આવે તો તેઓએ પણ માત્ર ફરિયાદ હકિકતને સમર્થન આપી કેસની આગળની કાર્યવાહી કરી સાહેદોના નિવેદનો નોંધી દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

**(૧૧)** આમ, સદર કામે તમામ આરોપીઓ વિરુઘ્ધ ફરમાવેલ તહોંમતનામું જોતા એવી કોઈ હકીકત ફલીત થતી નથી કે તમામ આરોપીઓએ પૈસા વડે ગંજીપાનાનો હારજીતનો જુગાર રમી રમાડી રેઈડ દરમ્યાન પકડાઈ જઈ તેવી કોઈ જ હકીકત ફલીત થતી નથી તેમજ ઘ્યાન આકર્ષક બાબત એવી પણ છે કે આક્ષેપિત જુગારધામ આરોપીના કબ્જાનું અથવા માલીકીનું હતુ તેવુ પ્રથમ દર્શનીય રીતે પુરવાર કરવા માટે આ મકાન આરોપીના કબ્જામાં હતુ અથવા

તેના માલીક હતા તેવા સરકારી ચોપડામાથી કોઈ આધાર પુરાવાઓ મેળવેલ હોય અને આ કામે રજુ કરેલ હોય તેવુ બનેલ નથી. આક્ષેપિત મકાનની આજુબાજુ રહેતા ઈસમો કે જેઓ સ્વતંત્ર સાહેદ ગણી શકાય તેવા કોઈ સાહેદોના નિવેદનો લઈ સાહેદ તરીકે રજુ રાખેલા હોઈ તેવુ બનેલ નથી. સમગ્ર રીતે આ પ્રકારના ગુનામાં જયારે પંચોને સાથે રાખી રેડ કરવામાં આવતી હોય તે પંચો રેડની સમગ્ર હકીકતો નકારતા હોય માત્ર રેડમાં સાથે રહેનાર પોલીસ કર્મચારીઓની માત્ર જુબાનીઓના આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી.

(૧૨) આમ, પુરોગામી ન્યાયાધિશશ્રીએ તમામ આરોપીઓ વિરુધ્ધ ફરમાવેલ તહોંમતનામું જોતા એવી કોઈ હકીકત ફલીત થતી નથી કે તમામ આરોપીઓએ પૈસા વડે ગંજીપાનાનો હારજીતનો જુગાર રમી રમાડી રેઈડ દરમ્યાન પકડાઈ જઈ તેવી કોઈ જ હકીકત ફલીત થતી નથી તેમજ ધ્યાન આકર્ષક બાબત એવી પણ છે કે આક્ષેપિત જુગારધામ આરોપીના કબ્જાનું અથવા માલીકીનું હતુ તેવુ પ્રથમ દર્શનીય રીતે પુરવાર કરવા માટે આ મકાન આરોપીના કબ્જામાં હતુ અથવા તેના માલીક હતા તેવા સરકારી ચોપડામાથી કોઈ આધાર પુરાવાઓ મેળવેલ હોય અને આ કામે રજુ કરેલ હોય તેવુ બનેલ નથી. આક્ષેપિત મકાનની આજુબાજુ રહેતા ઈસમો કે જેઓ સ્વતંત્ર સાહેદ ગણી શકાય તેવા કોઈ સાહેદોના નિવેદનો લઈ સાહેદ તરીકે રજુ રાખેલા હોઈ તેવુ બનેલ નથી. સમગ્ર રીતે આ પ્રકારના ગુનામાં જયારે પંચોને સાથે રાખી રેડ કરવામાં આવતી હોય તે પંચો રેડની સમગ્ર હકીકતો નકારતા હોય માત્ર રેડમાં સાથે રહેનાર પોલીસ કર્મચારીઓની માત્ર જુબાનીઓના આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય

નહી જેથી વિશેષ ચર્ચા ન કરતા મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં. ૨ અન્વયેનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**-:: આખરી હુકમ ::-**

આ કામે આરોપીઓ **(૧) જયશ્રીબેન ઉર્ફે જાગૃતિબેન રમેશભાઈ ચૌહાણ** ઉ.વ. : ૫૧, ધંધો : નોકરી, રહે. :નાકોડા રેસીડન્સી, વોર્ડ ૬-બી, મ.નં.૨૫૨,આદિપુર- કચ્છઉ **(૨)અલ્લુ હાસીમ સાયચા** ઉ.વ. : ૫૬, ધંધો : નોકરી, રહે. : સપનાનગર, ઈ-૧૦૨, ગાંધીધામ-કચ્છ. **(૩) હસમુખભાઈ નાગજીભાઈ સંકલપુરા (મિસ્ત્રી)** ઉ.વ. : ૪૯, ધંધો : નોકરી, રહે. : ટી.સી.એક્ષ.એન-૪, ગાંધીધામ-કચ્છ **(૪) જયસીરકૌર હરમોહીંદરસીંગ સાની** ઉ.વ. : ૫૫, ધંધો : નોકરી, રહે. : એન.યુ.-ફોર, ભટનગર, મ.નં.૨૮૯, ગાંધીધામ-કચ્છ. નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ :૨૫૫(૧) અન્વયે **જુગારધારાની કલમ : ૪, ૫** મુજબના ગુન્હા સબબ પુરતા પુરાવાઓના અભાવે છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે મુદામાલના ખરા માલીકે કબ્જે કરેલ મુદામાલ અત્રેની અદાલતના વચગાળાના હુકમથી પરત મેળવેલ હોય તો તે અપીલ સમય બાદ શરતો વિના કાયમ રાખવામાં આવે છે અન્યથા કબ્જે કરેલ મુદામાલ અપીલ સમય બાદ મુદામાલ પાવતી નં. ૨૫૮/૨૦૧૪ તા.૨૫/૦૭/૨૦૧૪ મુજબ મુદામાલ રોકડ રકમ જે આરોપી પાસેથી મળેલ હોઈ અને આરોપીઓએ વચગાળાની

હુકમથી પરત મેળવેલ ન હોય તો અપીલ સમયબાદ તેવી રકમ સરકાર હસ્તક લેવાનો હુકમ કરવામાં આવે છે. તથા સદર મુદામાલ પાવતી મુજબનો મુદામાલ મોબાઈલ આરોપી પાસેથી મળેલ હોઈ અને આરોપીઓએ વચગાળાની હુકમથી પરત મેળવેલ ન હોય તો અપીલ સમયબાદ તેવી રકમ સરકાર હસ્તક લેવાનો હુકમ કરવામાં આવે છે. તે સિવાયનો બીન કિંમતી મુદામાલ અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) પ્રત્યેક આરોપીએ તુરંતની અપીલ અદાલતમાં જો સરકાર પક્ષે અપીલ દાખલ થાય તો હેતુસર જે તે અદાલતમાં હાજર રહેવા માટે રૂ.૧૦,૦૦૦/– (અંકે રૂપીયા દસ હજાર પુરાના) જામીન તથા જાતમુચરકા વધુમાં વધુ અપીલ પીરીયડ સુધી અમલમાં રહે તે રીતે રજુ કરવાનો આદેશ કરવામાં આવે છે.

હુકમ આજ તા. : ૦૬, માહે : જુન, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સહી/–

તારીખ :–૦૬/૦૬/૨૦૨૬. **(એ. સાહુ)**

સ્થળ :–ગાંધીધામ–કચ્છ. અધિક જયુડીશિયલ મેજિસ્ટ્રેટ ફ.ક.

ગાંધીધામ–કચ્છ.

જજ કોડ : GJ.01429

P.S.THAKKAR